## એક્ઝિક્યુટિવ કાઉન્સીલની બેઠકનો અહેવાલ

આઇ.આઇ.ટી.ઇ ખાતે આજે તા. 24/10/2019ના રોજ સવારે 11:00 કલાકે માન. કુલપતિશ્રીની અધ્યક્ષતામાં એક્ઝિક્યુટિવ કાઉન્સીલની બેઠક મળેલ હતી.

આ બેઠકમાં નીચેના સભ્યો હાજર રહેલ હતા

- ડૉ. હર્ષદ પટેલ, કુલપતિશ્રી — ચેરમેન
- ડૉ. કલ્પેશ પાઠક, સભ્ય, એકેડેમીક કાઉન્સીલ — સભ્ય
- ડૉ. એચ. બી. પટેલ, સભ્ય, એકેડેમીક કાઉન્સીલ — સભ્ય
- ડૉ. શીતલ હેલૈયા, મુખ્ય હિસાબી અધિકારી — સભ્ય
- ડૉ. મધુસુદન મકવાણા, કુલસચિવ — સભ્ય-સચિવ

આ બેઠકમાં નીચેના સભ્યો ગેરહાજર રહેલ હતા.

- સેક્રેટરી, શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્ય અથવા તેમના પ્રતિનિધિ — સભ્ય
- સેક્રેટરી, નાણાં વિભાગ, ગુજરાત રાજ્ય અથવા તેમના પ્રતિનિધિ — સભ્ય
- કમિશ્નર, ઉચ્ચ શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્ય અથવા તેમના પ્રતિનિધિ સભ્ય

મિટિંગની શરૂઆતમાં કુલસચિવ અને સભ્ય-સચિવ દ્વારા એક્ઝિક્યુટિવ કાઉન્સીલની યુનિવર્સિટીની આ બેઠકમાં સર્વે સભ્યશ્રીઓનું સ્વાગત કરવામાં આવ્યું અને બેઠકમાં ઉપસ્થિત રહેવા બદલ સર્વે સભ્યશ્રીઓનો આભાર માનવામાં આવ્યો. ત્યારબાદ મિટિંગનું કામકાજ શરૂ કરવામાં આવેલ હતું.

**એજન્ડા-1** તા. ૨૨/૦૭/૨૦૧૯ના રોજ યોજાયેલ એક્ઝિક્યુટિવ કાઉન્સીલની બેઠકની કાર્યવાહીની નોંધ મંજૂર કરવા બાબત.

**ઠરાવ-1** તા. ૨૨/૦૭/૨૦૧૯ના રોજ યોજાયેલ એક્ઝિક્યુટિવ કાઉન્સીલની બેઠકની કાર્યવાહીની નોંધ વંચાણે લેવામાં આવી અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવી.

**એજન્ડા-2** તા. ૨૨/૦૭/૨૦૧૯ના રોજ યોજાયેલ એક્ઝિક્યુટિવ કાઉન્સીલની બેઠકની કાર્યવાહીની નોંધ અંતર્ગત કરવામાં આવેલ કાર્યવાહીનો અહેવાલ, જે આ સાથે પત્રક-કથી સામેલ છે, આ કાર્યવાહી અહેવાલ વંચાણે લઈ બહાલી મેળવવા બાબત.

**ઠરાવ-2** તા. ૨૨/૦૭/૨૦૧૯નાં રોજ યોજાયેલ એક્ઝિક્યુટિવ કાઉન્સીલની બેઠકની કાર્યવાહીની નોંધ અંતર્ગત કરવામાં આવેલ કાર્યવાહી અહેવાલની નોંધ લેવામાં આવી અને તેને બહાલ રાખવામા આવી.

**એજન્ડા-3** વર્ષ 2020-21ની નવી બાબતો અંગેના અંદાજોમાં બી.એડ.એમ.એડ. તથા બી.એ./બી.એસ.સી.બી.એડ. (સ્પેશ્યલ એજ્યુકેશન)ના કુલ વાર્ષિક અંદાજો અનુક્રમે રૂ. 1 કરોડ 25 લાખ તથા 1 કરોડ 15 લાખ મુજબનું તૈયાર કરેલ બજેટ નવી બાબતો તરીકે સરકારશ્રીમાં રજૂ કરવા હેતુ ચર્ચા વિચારણા અંગે. (પરિશિષ્ટ-1)



Scanned with CamScanner

ઠરાવ-3 યુનિવર્સિટી કક્ષાએ આ પ્રકારના કોર્સ શરૂ કરવા જરૂરી હોઇ, સર્વાનુમતે આ આવકારદાયક પગલાને બહાલી આપવામાં આવી વર્ષ 2020-21ની નવી બાબતો તરીકે બી.એડ.એમ.એડ. તથા બી.એ./બી.એસ.સી.બી.એડ. (સ્પેશ્યલ એજ્યુકેશન)ના કુલ વાર્ષિક અંદાજો અનુક્રમે રૂ. 1 કરોડ 25 લાખ તથા 1 કરોડ 15 લાખ મુજબનું તૈયાર કરેલ બજેટ સરકારશ્રીમાં રજૂ કરવા અંગે ચર્ચા વિચારણાને અંતે મંજૂર રાખવાનું ઠરાવવામાં આવ્યું. વધુમાં, સદર કોર્સમાં સ્ટાફ બાબતે હાલમાં ઉપલબ્ધ સ્ટાફ ઉપરાંત NCTE/RCI ના ધારા-ધોરણ અનુસાર પૂરતો સ્ટાફ મૂકવો તથા જરૂર જણાયે કોન્ટ્રેક્ચ્યુયલ સ્ટાફ લઈ કોર્સ ચલાવવાનું ઠરાવવામાં આવ્યું.

એજન્ડા-4 નાણાકીય વર્ષ 2020-21નું ચાલુ બાબતનું બજેટ નાણાં સમિતિની મંજૂરી બાદ ઉચ્ચ શિક્ષણ કમિશ્નર કચેરીમાં મોકલી આપેલ છે, જેની જાણ અંગે. (પરિશિષ્ટ-૨)

ઠરાવ-4 નાણાં સમિતિમાં મંજૂર થયેલ નાણાકીય વર્ષ 2020-21નું ચાલુ બાબતનું બજેટ ઉચ્ચ શિક્ષણ કમિશ્નર કચેરી ખાતે રજૂ કર્યાનું બહાલ રાખવામાં આવ્યું.

એજન્ડા-5 જાહેરાત ક્રમાંક: 01/2019 અન્વયે રજીસ્ટ્રાર-1 ,પ્રોફેસર-3, એસોસિએટ પ્રોફેસર-6 અને આસિસ્ટન્ટ પ્રોફેસર-૯ જગ્યા માટે ભરતી પ્રક્રિયા કરવામાં આવેલ હતી. (જે અંગેનો રિપોર્ટ આ સાથે (પરિશિષ્ટ-3) થી સામેલ છે. સદર ભરતી પ્રક્રિયાના અંતે પસંદગી પામેલ એસોસિએટ પ્રોફેસર તથા આસિસ્ટન્ટ પ્રોફેસરની યાદી આ સાથે (પરિશિષ્ટ-4) થી સામેલ છે, જે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને જાણ કરવા અંગે.

ઠરાવ-5 જાહેરાત ક્રમાંક: 01/2019 અન્વયે રજીસ્ટ્રાર-1 ,પ્રોફેસર-3, એસોસિએટ પ્રોફેસર-6 અને આસિસ્ટન્ટ પ્રોફેસર-૯ જગ્યા માટે ભરતી પ્રક્રિયા કરવામાં આવેલ હતી તેના વિસ્તૃત અહેવાલ પર ચર્ચા વિચારણા કરવામાં આવી. રજીસ્ટ્રાર તેમજ પ્રોફેસરની ભરતીની પ્રક્રિયા ટેકનિકલ કારણોસર નિયમાનુસાર હાલમાં ચાલુ છે. બાકીની ભરતી પ્રક્રિયાનો રજૂ થયેલ વિસ્તૃત અહેવાલ વંચાણે લેવામાં આવ્યો તથા પસંદગી પામેલ કુલ ૦૯ આસીસ્ટન્ટ પ્રોફેસરો તથા ૦૬ એસોસિએટ પ્રોફેસરોની વરણીને ચર્ચા વિચારણાને અંતે બહાલ રાખવામાં આવ્યું.

એજન્ડા-6 ભારત સરકારશ્રી દ્વારા એમ.એચ.આર.ડી.ના ઉપક્રમે SWAYAM તથા SWAYAM-PRABHA અંતર્ગત

(I) MOOCs ના ટીચર એજ્યુકેશન વિષયમાં કોર્ડિનેટર તરીકેની દરખાસ્ત કર્યાની જાણ અંગે તથા

(II) SWAYAM તથા SWAYAM-PRABHA પ્રોજેક્ટ અંતર્ગત ઇ-કન્ટેન્ટ તૈયાર કરવાનું રહે. યુનિવર્સિટી ખાતે હાલમાં રેકોર્ડિંગ અને અન્ય સહાયક કામગીરી હેતુ વ્યવસ્થા ઉપલબ્ધ નથી તેવા સંજોગોમાં રાજ્ય સરકારના ઉપક્રમ



Scanned with CamScanner

ગુજરાત ઇન્સ્ટીટ્યુટ ઓફ એજયુકેશનલ ટેક્નોલૉજી(જી.આઈ.ઇ.ટી.) સાથે તેમની સ્ટુડિયો, રેકોર્ડિંગ અને અન્ય આનુસાંગીક વ્યવસ્થા ઉપયોગ કરવા હેતુ દરખાસ્ત કરેલ, જે દરખાસ્તનો તેમણે સ્વીકાર કરેલ છે. આ હેતુ આઇ.આઇ.ટી.ઇ. અને જી.આઈ.ઇ.ટી. વચ્ચે એમઓયુ કરાર થનાર છે, જેની નોંધ તથા જાણ અંગે.

ઠરાવ-6 ભારત સરકારશ્રી દ્વારા એમ.એચ.આર.ડી.ના ઉપક્રમે SWAYAM તથા SWAYAM-PRABHA અંતર્ગત

(I) MOOCsના ટીચર એજ્યુકેશન વિષયમાં કોર્ડિનેટર તરીકેની દરખાસ્ત કર્યાનું મંજૂર રાખવામાં આવ્યું તથા

(II) SWAYAM તથા SWAYAM-PRABHA પ્રોજેકટ અંતર્ગત ઇ-કન્ટેન્ટ તૈયાર કરવા હેતુ રાજ્ય સરકારના ઉપક્રમ ગુજરાત ઇન્સ્ટીટ્યુટ ઓફ એજયુકેશનલ ટેક્નોલૉજી(જી.આઈ.ઇ.ટી.) સાથે તેમની સ્ટુડિયો, રેકોર્ડિંગ અને અન્ય આનુસાંગીક વ્યવસ્થા ઉપયોગ કરવા હેતુ કરેલ દરખાસ્તને સર્વાનુમતે મંજૂર રાખવાનું તથા આ હેતુ આઇ.આઇ.ટી.ઇ. અને જી.આઈ.ઇ.ટી. વચ્ચે એમઓયુ કરાર કરવાને મંજૂરી આપવામાં આવી.

એજન્ડા-7 એમએચઆરડી પ્રેરિત, નેશનલ ઈન્સ્ટીટ્યુશનલ રેંકિંગ ફ્રેમવર્ક (એનઆઇઆરએફ) જેમ રાજય સરકાર તરફથી શરૂ કરવામાં આવેલ SIRFના રેંકિંગ માટેની અરજી આઇઆઇટીઇ દ્વારા કરેલ છે, તેની જાણ અંગે. વધુમાં ટીચર એજ્યુકેશન ઇન્સ્ટીટ્યુટ અત્યાર સુધી NIRF માટે અરજી કરી શકે નહીં તેવો નિયમ હોવાથી નેશનલ રેંકિંગ માટે ભાગ લઈ શકતો નહોતો. પરંતુ અત્રેની યુનિવર્સિટી દ્વારા સઘન પ્રયત્નોથી આ યુનિવર્સિટીને ખાસ કિસ્સામાં NIRF માટે અરજી કરવાની મંજૂરી મળેલ હોઈ, આઇઆઇટીઇ તેમાં ભાગ લઈ શકાશે જેની જાણ અંગે.

ઠરાવ-7 એમએચઆરડી પ્રેરિત, નેશનલ ઈન્સ્ટીટ્યુશનલ રેંકિંગ ફ્રેમવર્ક (એનઆઇઆરએફ) જેમ રાજય સરકાર તરફથી શરૂ કરવામાં આવેલ SIRFના રેંકિંગ માટેની અરજી આઇઆઇટીઇ દ્વારા કરેલ છે, તેને સર્વાનુમતે બહાલ રાખવાનું ઠરાવવામાં આવ્યું. વધુમાં ટીચર એજ્યુકેશન ઇન્સ્ટીટ્યુટ અત્યાર સુધી NIRF માટે અરજી કરી શકે નહીં તેવો નિયમ હોવાથી નેશનલ રેંકિંગ માટે ભાગ લઈ શકતો નહોતો. પરંતુ અત્રેની યુનિવર્સિટી દ્વારા સઘન પ્રયત્નોથી આ યુનિવર્સિટીને ખાસ કિસ્સામાં મંજૂરી મળેલ છે તે સરાહનીય કામગીરી છે તથા અત્રેની યુનિવર્સિટી માટે આ કામગીરી ખુબ જ આવશ્યક હોવાથી તેને મંજૂર રાખવાનું તથા સદર કામગીરી IQACના ચેરમેનને સોંપવાનું ઠરાવવામાં આવ્યું.



Scanned with CamScanner

એજન્ડા-૪ ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી તરફથી મળેલ સાતમા પગારપંચના અમલ સંદર્ભે મળેલ પત્ર વંચાણે લેવા અને તે સંદર્ભે ચર્ચા વિચારણા અંગે. (પરિશિષ્ટ-5)

ઠરાવ-૪ ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી તરફથી મળેલ સાતમા પગારપંચના અમલ સંદર્ભે મળેલ તા. 19.10.2019નો પત્ર વંચાણે લેવામાં આવ્યો તથા આગામી સમયમાં યુનિવર્સિટીના શૈક્ષણિક કર્મચારીઓને સાતમા પગારપંચનો લાભ મળે તે હેતુ રિક્રૂટમેન્ટ રેગ્યુલેશન અને લીવ રુલ તથા સેવા વિષયક અન્ય નિયમોમાં સુધારો કરી આગામી એક્ઝિક્યુટિવ કાઉન્સીલની બેઠકમાં રજૂ કરવું એમ ઠરાવવામાં આવ્યુ.

મિટિંગના અંતે સભ્યસચિવ દ્વારા સર્વે સભ્યોનો તેઓના યોગદાન બદલ અને ઉપસ્થિત રહેવા બદલ આભાર માનવામાં આવ્યો.

તા. ૨૪-૧૦-૨૦૧૯

ડૉ. મધુસૂદન મકવાણા
સભ્યસચિવ, એક્ઝિક્યુટિવ કાઉન્સીલ



Scanned with CamScanner

પત્રક-૬

તા. ૨૨/૦૭/૨૦૧૯ની એક્ઝિક્યુટિવ કાઉન્સિલની બેઠકની કાર્યવાહીની નોંધનો "Action Taken Report"

## એક્ઝિક્યુટિવ કાઉન્સિલની બેઠકનો અહેવાલ

આઇ.આઇ.ટી.ઇ. ખાતે તા. ૨૨/૦૭/૨૦૧૯ના યોજવામાં આવેલ એક્ઝિક્યુટિવ કાઉન્સીલની બેઠકની કાર્યવાહીની નોંધ બાબતે નીચે મુજબ કાર્યવાહી કરવામાં આવી છે.

ઠરાવ-૧ આઈ.આઈ.ટી.ઇ. એક્ટ-૨૦૧૦ની જોગવાઈ, રાજ્ય સરકારશ્રીના ઠરાવ મુજબ રાજ્યના ૧૯ ડાયટ (જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનો )માં ચાલતા બી .એડ. અને એમ.એડ. અભ્યાસક્રમોના ઇન્સ્પેક્શનની કામગીરી પૂર્ણ કર વામાં આવી છે. આ હેતુ તમામ ડાયટ કોલેજોની એફિલિએશન ફી રૂ ૫૦૦૦/- તથા ઇન્સ્પેક્ષન ફી રૂ ૨૫૦૦૦/- મળેલ છે અને તેને યુનિવર્સિટી ખાતે જમા લેવામાં આવેલ છે.

ઠરાવ-૨ તા. ૧૫/૦૨/૨૦૧૮ના ગેઝેટ નોટિફિકેશન અન્વયે યુનિવર્સિટીના પ્રથમ સ્ટેચ્યુટ મંજૂર કરવામાં આવેલ છે , જેની જાણ અર્થે રજુ કરવામાં આવેલ , જેની નોંધ લેવામાં આ વેલ. વધુમાં યુનિવર્સિટીના સ્ટેચ્યુટ ઘડતરની મિટિંગ, વિચારણા, ભલામણ વિગેરે બાબતે અત્યાર સુધીમાં થયેલ કામગીરીનો અહેવાલ સમય સારણી મુજબ તૈયાર કરવાની કામગીરી ચાલુ છે.

ઠરાવ-૩ યુનિવર્સિટી ખાતે એક્ટ તથા સ્ટેચ્યુટની જોગવાઈ અનુસાર , વિવિધ બોર્ડ ઓફ સ્ટડીઝ, એકેડેમીક કાઉન્સીલ, એક્ઝિક્યુટિવ કાઉન્સીલ, રિસર્ચ કાઉન્સીલ તથા ફાઇનાન્સ કમિટીની રચના કર્યાની જાણ અર્થે રજૂ કરવામાં આવેલ, જેની નોંધ લેવામાં આવેલ અને તેને અનુમોદન આપવામાં આવેલ.

ઠરાવ-૪ યુનિવર્સિટી ખાતે એક્ટ તથા સ્ટેચ્યુટની જોગવાઈ અનુસાર વિવિધ સેન્ટર તથા તે અનુસાર વિવિધ ઉભા કરાયેલા ડિપાર્ટમે ન્ટની રચના કર્યાની જાણ અર્થે રજૂ કરવામાં આવેલ, જેની નોંધ લેવામાં આ વેલ અને તેને અનુમોદન આપવામાં આવેલ.

ઠરાવ-૫ યુનિવર્સિટીના રચાયેલ પી .એચ.ડી. ઓર્ડિનન્સ ૨૦૧૯, એમ.ફિલ. ઓર્ડિનન્સ ૨૦૧૯ અને જે.આર.એફ. ઓર્ડિનન્સ ૨૦૧૯ને તેમજ શૈક્ષણિક વર્ષ ૨૦૧૯માં કરેલ પ્રવેશ કાર્યવાહીને બહાલી આપવામાં આવેલ.

ઠરાવ-૬ યુનિવર્સિટી ખાતે વર્ષ ૨૦૧૯-૨૦ થી બે વર્ષીય એમ .એડ. તથા એમ .ફીલ. અભ્યાસક્રમ શરૂ કર્યાની જાણ અંગે તથા એન .સી.ટી.ઇ. દ્વારા બી .એડ.એમ.એડ. ઇન્ટિગ્રેટેડ પ્રોગ્રામની મંજૂરી મળ્યાની જાણ અંગે રજુ કરવામાં આવેલ, જેની નોંધ લેવામાં આવેલ..



Scanned with CamScanner

વધુમાં યુનિવર્સિટી ખાતે વર્ષ ૨૦૨૦-૨૧થી એન.સી.ટી.ઇ. દ્વારા બી.એડ.એમ.એડ. ઇન્ટિગ્રેટેડ પ્રોગ્રામની મંજૂરી મળ્યાની નોંધ લેવામાં આવી અને સદર કોર્ષ આ વર્ષે એટલેકે, ૨૦૧૯-૨૦થી શરૂ કરવાની મંજૂરી મળે તે માટે રજૂઆત કરવાનું ઠરાવવામાં આવેલ. આ અંતર્ગત આઇ.આઇ.ટી.ઇ.ને આગામી શૈક્ષણિક સત્રથી બી.એડ.એમ.એડ. માટે મંજૂરી આપવામાં આ વે તે માટે વેસ્ટર્ન રીજીઓનલ કાઉન્સીલ, એન.સી.ટી.ઇ.માં રજૂઆત કરવામાં આવી , પરંતુ તેનો કોઈ જ નિર્ણય આવ્યો નહીં. આથી આ કોર્સમાં એડમિશનની પ્રક્રિયા એક વર્ષ મોડી ના થાય તે હેતુથી યુનિવર્સિટી દ્વારા ભારતીય ઉચ્ચ ન્યાયાલયમાં એક સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન દાખલ કરવામાં આવેલ , પરંતુ તેનો ચુકાદો યુનિવર્સિટીની તરફેણમાં આવેલ નથી.

ઠરાવ-૭ યુનિવર્સિટી ખાતે ૨૦૧૧થી શરૂ કરાયેલ બી.એ.બી.એડ. તથા બી.એસસી.બી.એડ. ની માન્યતા માટે ધી એન.સી.ટી.ઇ. (એમેન્ડમેન્ટ) એક્ટ, નંબર ૨ ઓફ ૨૦૧૯ તારીખ ૧૧/૦૧/૨૦૧૯ની કલમ ૨ અનુસાર શરૂ થયેલ પ્રક્રિયા અનુસાર કાર્યવાહી કર્યાની જાણ અર્થે રજુ કરવામાં આવેલ, જેની નોંધ લેવામાં આવેલ.

ઠરાવ-૮ યુનિવર્સિટી ખાતે એક્રેડિટેશન તથા રેન્કીગના પ્રયત્નોના ભાગરૂપે NIRF, QCI, TeachR, AISHE તથા GSIRFની કામગીરી કરવી જરૂરી હોઈ આ સંદર્ભમાં આજદિન સુધી કરવામાં આવેલ કાર્યવાહીની નોંધ લેવામાં આ વેલ અને તેને અનુમોદન આપવામાં આવેલ.

NIRFના SIRFમાં ભાગ લેવા હેતુ કાર્યવાહી શરૂ કરેલ છે.

ઠરાવ-૯ આઈ.આઈ.ટી.ઇ.ને ૨૦૧૧-૧૨ થી ૨૦૧૯-૨૦ના જે- તે નાણાકીય વર્ષ માટે સરકારશ્રી દ્વારા મંજૂર થયેલ અનુદાનની રકમની નોંધ લેવામાં આવેલ.

ઠરાવ-૧૦ નાણાં સમિતિમાં મંજૂર કરાયેલા આઇ .આઈ.ટી.ઇ.ના વર્ષ ૨૦૧૧-૧૨ થી ૨૦૧૭-૧૮ ના નાણાકીય ઓડિટ રિપોર્ટની નોંધ લઈ હિસાબો બહાલ રાખવામાં આવ્યા. વધુમાં ધ્યાનમાં આવ્યા અનુસાર નાણાકીય વર્ષ ૧૫-૧૬ના ઓડિટ રિપોર્ટ કે જે નાણાકીય સમિતિમાં રજૂ કરવાના બાકી હતા તેને , તા. 14/9/2019 ની નાણાં સમિતિની બેઠકમાં રજૂ કરવામાં આવેલ અને તેને મંજૂર કરવામાં આવેલ છે.

ઠરાવ-૧૧ આઈ.આઈ.ટી.ઇ. માટે ૨૦૧૧-૧૨ થી ૨૦૧૮-૧૯ ના વર્ષ દરમ્યાન સરકારશ્રી દ્વારા મંજૂર થયેલ શૈક્ષણિક તથા બિન શૈક્ષણિક જગ્યાઓની નોંધ લેવામાં આવી વધુમાં, યુનિવર્સિટી ખાતેની કામગીરીની અગત્યતાને ધ્યાને લઈને હાલની સ્થિતિએ ખાલી જગ્યાઓ ભરવા માટે કાર્યવાહી હાથ ધરવી એમ ઠરાવવામાં આવેલ. આ અન્વયે રજિસ્ટ્રારની ૦૧, પ્રોફેસરની ૦૩,એસોસિએટ પ્રોફેસરની ૦૬ અને આસિસ્ટન્ટ પ્રોફેસરની ૦૯ જગ્યાઓ માટે જાહેરાત આપી ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ. આ અંગેની વિગત એજન્ડા- થી સામેલ કરેલ છે.



Scanned with CamScanner

| | |
|---|---|
| ઠરાવ-૧૨ | આઈ.આઈ.ટી.ઇ.ના વર્ષ ૨૦૧૮-૧૯ના વાર્ષિક અહેવાલની નોંધ લેવામાં આવેલ |
| ઠરાવ-૧૩ | આઈ.આઈ.ટી.ઈ.ના તમામ સેન્ટર તથા વિભાગોનું વર્ષ ૨૦૧૯-૨૦નું બજેટ તૈયાર કરી તેને આગામી મિટીંગમાં રજૂ કર વાનું ઠરાવવામાં આવેલ જે આ બેઠકમાં એજન્ડા નં થી સામેલ છે. |
| ઠરાવ-૧૪ | ફાઇનાન્સ કમિટીના હાલના સદસ્ય ઉપરાંત, આઈ.આઈ.ટી.ઈ. એક્ટની કલમ ૨૫(૧)(iv)ની જોગવાઈ અનુસાર , એક્ઝિક્યુટિવ કાઉન્સીલમાંથી એક સદસ્ય નામાંકિત કરવા માટે ડો. એચ. બી. પટેલની સર્વાનુમતે વરણી કરવામાં આવેલ. |
| ઠરાવ-૧૫ | સરકારશ્રી તથા એન.સી.ટી.ઇ. તરફથી કરાયેલ EWS હેઠળ પ્રવેશ ફાળવવા અંગે થયેલ પરિપત્રના અમલી કરણને મંજૂર રાખવાનું ઠરાવવામાં આ વેલ. જે અન્વયે તમામ અભ્યાસક્રમોમાં પ્રવેશ કાર્યવાહી કરવામાં આવેલ છે. |
| ઠરાવ-૧૬ | ઓનલાઈન હાજરી અંગેના અગ્ર સચિવ, શિક્ષણ વિભાગ ના પત્ર અનુસાર ઓનલાઈન હાજરી અં ગેની કામગીરી અંતર્ગત માહિતી તૈયાર કરીને કેસીજીને મોકલી આપેલ છે. |



Scanned with CamScanner